# હિંમતનગરની મેડીકલ કોલેજમાં ૩૦ વિદ્યાર્થીઓ ટાઈફોઈડમાં પટકાયા

## હજુ વધુ વિદ્યાર્થીઓ બિમાર થવાની દહેશત, તંત્રએ બિમાર વિદ્યાર્થીઓ બહાર જમ્યાનો દાવો કર્યો

બાયડ તા.૧૨ કોરોનાના કપરા કાળમાં યોદ્ધાની જેમ કામગીરી કરનારા હિંમતનગરની મેડીકલ કોલેજના કેટલાક વિદ્યાર્થીઓ ટાઈફોઈડમાં પટકાતાં સારવાર લઈ રહ્યા છે. તંત્રએ દૂષિત પાણી પીવાથી નહીં પરંતુ બહારનું ભોજન આરોગવાથી વિદ્યાર્થીઓ બિમાર પડ્યાનું જણાવ્યું છે. જ્યારે આવનારા દિવસોમાં હજુ વધુ વિદ્યાર્થીઓ બિમાર પડી શકે છે.

ચોમાસાની શરૂઆત સાથે વાયરલ, ડેન્ગ્યુ, ઝેરી મેલેરીયા, ટાઈફોઈડ સહિતના દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. કોરોના પછી સંક્રમણ ઘટ્યું અને મેડીકલ તેમજ પેરામેડીકલ સ્ટાફને લાંબા સમય પછી સામાન્ય રાહત જણાતી હતી પરંતુ પાણીજન્ય રોગચાળાએ વહીવટી તંત્રની સાથે આરોગ્ય વિભાગની ઉંઘ હરામ કરી છે. હિંમતનગરની સરકારી મેડીકલ કોલેજમાં પાછલા ૨ દિવસ અગાઉ કેટલાક વિદ્યાર્થીઓ બિમાર પડયા તેમના રિપોર્ટ કઢાવતાં ટાઈફોઈડ પોઝિટિવ હોવાનું બહાર આવ્યું. તંત્ર દ્વારા બિમાર વિદ્યાર્થીઓ અંગે ઢાંકપીછોડના પ્રયાસ થયા પરંતુ વિગતો બહાર આવ્યા પછી તેનો સંકેલો કરવા માટે પ્રયાસ શરૂ થયા છે. વિભાગના જવાબદારોએ હોસ્ટેલ અને કોલેજમાં કોઈપણ જગ્યાએ દૂષિત પાણીને અવકાશ નથી. જે વિદ્યાર્થીઓ બિમાર પડ્યા છે તેમને શનિ-રવિવારે કોલેજની બહાર જઈને ભોજન લીધું હશે એટલે બિમાર પડ્યાનું રટણ શરૂ કર્યું છે.

# વાહ રે.. એસ.ટી. તંત્ર : વિદ્યાર્થીનીઓ માટે એસ.ટી.માં મફત પાસની યોજનામાં ઉઘરાણું

## મોડાસા, મેઘરજ, માલપુરમાં વિદ્યાર્થી પાસમાં આઈ.કાર્ડ માટે રૂા.૧૦નું ઉઘરાણું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ કોરોનાનું સંક્રમણ ધીમું પડતાં સરકારની ગાઈડલાઈન મુજબ શૈક્ષણિક સંકુલો શરૂ કરવામાં આવતાં નવા એસ.ટી. પાસ કઢાવવા માટે વિદ્યાર્થીઓનો ધસારો શરૂ થયો છે. મોડાસા, મેઘરજ અને માલપુર એસ.ટી. વિભાગના બસ મથકોમાં વિદ્યાર્થીનીઓ માટે એસ.ટી.માં મફત પાસની યોજના અમલમાં છે પરંતુ આ ત્રણેય જગ્યાએ એસ.ટી.ના કર્મચારીઓ આઈ.કાર્ડના નામે વિદ્યાર્થીનીઓ પાસેથી રૂા.૧૦નું ઉઘરાણું કરતા હોવાની ફરિયાદ ઉઠી છે. પાસ કઢાવવા માટે આઈ.કાર્ડના રૂા.૫ નિયત કરેલા છે ત્યારે વધારાના રૂા.૫ એસ.ટી.ના કયા અધિકારી-કર્મચારીના ખિસ્સામાં જઈ રહ્યા છે તે તપાસનો વિષય બન્યો છે.

મોડાસાના હંગામી એસ.ટી. ડેપોનો વહીવટ ખાડે જવાની સાથે એસ.ટી.ના અન્ય પોઈન્ટમાં પણ લાલીયાવાડી દેખાઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારના અનેક રૂટ ઓછી કમાણી થતી હોવાના નામે બંધ કરવામાં આવ્યા પછી વિદ્યાર્થી રૂટની એસ.ટી. બસો અનિયમિત હોવાની વ્યાપક ફરિયાદોએ એસ.ટી.ના અણઘડ વહીવટને ઉજાગર કર્યા પછી હવે વિદ્યાર્થીનીઓને આપવામાં આવતી મફત પાસની યોજનામાં પણ ભ્રષ્ટ એસ.ટી.ના અધિકારી-કર્મચારીઓ ખિસ્સાં ભરતા હોવાની ગંભીર ફરિયાદ મોડાસા, મેઘરજ અને માલપુરના એસ.ટી. પાસ કેન્દ્ર ઉપરથી બહાર આવી છે. સરકારે કોવિડ-૧૯ની જાહેર કરેલી ગાઈડલાઈનો સાથે શૈક્ષણિક સંકુલો શરૂ થયાં છે. જેમાં એસ.ટી.ના નવા પાસ કઢાવવા માટે પાસ બારી ઉપર વિદ્યાર્થીઓની લાંબી લાઈનો લાગી રહી છે. તેમાંય વિદ્યાર્થીનીઓ મફત પાસનો લાભ લેવા માટે વધુ સંખ્યામાં નજરે પડે છે ત્યારે મોડાસા, મેઘરજ અને માલપુરમાં એસ.ટી.ની પાસ બારી ઉપર બેસતા કર્મચારીઓ આઈ.કાર્ડ કાઢવા માટે નિયત કરેલ રૂા.૫ ના ચાર્જ બદલે રૂા.૧૦નું ઉઘરાણું વિદ્યાર્થીનીઓ પાસેથી કરતા હોવાની બુમ છે. રૂા.૫ વધારાના ખુલ્લેઆમ વસુલવામાં આવી રહ્યા છે ત્યારે રોજ સરેરાશ ૫૦ થી વધુ વિદ્યાર્થીનીઓ એસ.ટી. પાસ કઢાવવા માટે આવી આઈ.કાર્ડ મેળવતી હોય છે પરંતુ વધારાના રૂા.૫ કોના ફાયદા માટે ઉઘરાવાય છે તે સમજી શકી નથી પરંતુ જાગૃત નાગરિકોના ધ્યાન ઉપર આ હકીકત આવતાં ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### મોડાસા એસ.ટી. ડેપો મેનેજરે ફોન ઉપાડવાનું ટાળ્યું

અરવલ્લીના મોડાસા, માલપુર અને મેઘરજ એસ.ટી.ની પાસ બારી ઉપર મફત પાસ કઢાવવા માટે વિદ્યાર્થીનીઓ પાસેથી આઈ.કાર્ડના રૂા.૫ ના બદલે રૂા.૧૦ ઉઘરાવાય છે ત્યારે મોડાસા એસ.ટી. ડેપો મેનેજર હર્ષદભાઈ પટેલનો આ બાબતે સંપર્ક કરતાં ટેલિફોન ઉપાડવાનું ટાળી દીધું હતું. મોડાસા ડેપો મેનેજર તો ઠીક પરંતુ જિલ્લા એસ.ટી. વિભાગીય વડાને પણ આવી ફરિયાદોમાં કોઈ રસ ન હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. જેથી આઈ.કાર્ડના વધારાના રૂા.૫ ગાંધી વૈદ્યના સહીયારાની જેમ તો નથી ને..??

# જિલ્લામાં વરસાદ ખેંચાતાં જળ સંકટના વાગતા ભણકારા

## જળાશયોનાં તળીયાં દેખાયાં, ખેતી-પાણીનું ગંભીર બનતું ચિત્ર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ ચોમાસાની ભરસીઝનમાં વરસાદ ખેંચાતાં ખેડૂતો ચિંતામાં સરી પડ્યા છે. મોટાભાગના જળાશયો ખાલી થવાના આરે છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદે હાથતાળી આપતાં હવે જળસંકટના ભણકારા સંભળાઈ રહ્યા છે. બંન્ને જિલ્લાના જળાશયોમાં પાણીનો સંગ્રહીત જથ્થો ઘટતાં ખેતી અને પાણીનું ચિત્ર ગંભીર બનવા જઈ રહ્યું છે. આગામી દિવસોમાં હવામાન વિભાગની આગાહી પ્રમાણે વરસાદ નહીં વરસે તો ગંભીર સ્થિતિ ઉભી થઈ શકે છે. રાજ્ય સરકારે ખરીફ પાકને બચાવવા માટે જળાશયોમાંથી પાણી છોડવાની જાહેરાત કરી પરંતુ જિલ્લાના ખેડૂતો માટે તે ઝાંઝવાના જળ સમાન બની રહે તેમ છે. કારણ કે મોટાભાગના જળાશયોનાં તળીયાં દેખાયાં છે અને આખો અષાઢ મહિનો વીતી ગયો હોવા છતાં પાણીની કોઈ મહત્તમ આવક જળાશયોમાં દેખાઈ નથી.

**જિલ્લામાં જળાશયોની સ્થિતિ**

| જળાશય | પાણીની સપાટી |
|---|---|
| વાત્રક | ૧૩૦.૦૨ |
| ગુહાઈ | ૧૬૪.૭૫ |
| માઝૂમ | ૧૫૩.૧૫ |
| હાથમતી | ૧૭૭.૧૨ |
| લાંક | ૧૦૪.૪૫ |
| જવાનપુરા | ૧૮૬.૪૩ |
| હરણાવ | ૩૨૩.૫૯ |
| મેશ્વો | ૨૦૯.૦૮ |
| વૈડી | ૧૯૨.૭૧ |
| ખેડવા | ૨૫૧.૦૦ |
| વરાંસી | ૭૭.૩૦ |
| ગોરઠીયા | ૧૦૫.૧૫ |
| ઈન્દ્રાસી | ૧૭૭.૧૨ |

જુલાઈ અને ઓગષ્ટ મહિનામાં વરસાદે રીસામણાં લીધાં છે. ૧૭ ઓગષ્ટ પછી ફરીથી વરસાદની આગાહી થઈ રહી છે પરંતુ આકાશમાં વરસાદનાં કોઈ ચિન્હો જણાતાં ન હોવાથી ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે. ખેડૂતોએ બોર અને કૂવામાંથી વીજળીના આધારે સિંચાઈનાં પાણી છોડી પાક બચાવવાની શરૂઆત કરી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદની અગાઉ થયેલી આગાહીઓ વચ્ચે પણ માત્ર સામાન્ય વરસાદ વરસ્યા પછી અષાઢ મહિનાના અંતમાં પણ સંતોષકારણ વરસાદ ન વરસતાં પાણી તેમજ ખેતીનું ચિત્ર બિહામણું બનવા લાગ્યું છે.

# બાયડની બેન્ક ઓફ બરોડા શાખામાં બાળકોનાં ખાતાં ખોલવામાં ઠાગાઠૈયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ બાયડની બેન્ક ઓફ બરોડા શાખામાં ધો.૧માં અભ્યાસ કરતા બાળકોના ખાતાં ખોલવામાં છેલ્લા એક મહિનાથી ઠાગાઠૈયા શરૂ થતાં વાલીઓમાં રોષ જોવા મળ્યો છે. વારંવાર ધક્કા ખાઈને ત્રાસેલા વાલીઓએ બેન્કના ઉંબરે પગ નહીં મૂકવાનો નિર્ણય લીધો છે.

મળેલી વિગતો અનુસાર રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓમાં ધો.૧ માં અભ્યાસ કરતા બાળકોને મળતી શિષ્યવૃત્તિ તેમના બેન્ક ખાતામાં જમા થાય તે માટે શાળાઓનો જે બેન્કોમાં સમાવેશ થયો હોય ત્યાં શાળા પ્રવેશ પછી તૂરંત ખાતુ ખોલવા માટે શાળાના શિક્ષકો દ્વારા વાલીઓને જણાવવામાં આવે છે પરંતુ બેન્કમાં જાય એટલે કાલે આવજો, પછી આવજો તેવા જવાબ મળે છે. શિક્ષકો પણ વાલીઓની મુશ્કેલી સમજી બેન્કમાંથી ખાતું ખોલવા માટે લાવેલા ફોર્મ સંપૂર્ણ વિગત સાથે ભરી, ૩ સેટ બનાવી વાલીને આપે છે અને જ્યારે વાલી પોતાના સંતાનને લઈને બેન્કમાં ખાતુ ખોલવા જાય ત્યારે ૨ થી ૩ કલાક સુધી બેસાડી રાખે છે અને ત્યારબાદ કનેક્ટીવીટી નથી, સ્ટાફની અછત છે, ૨ દિવસ પછી આવજો તેવા ઉડાઉ જવાબો મળી રહ્યા છે. બેન્ક ઓફ બરોડા-બાયડ શાખાના સ્ટાફની વધી રહેલી મનમાની સામે અનેક વાલીઓએ ખૂલીને આક્રોશ વ્યક્ત કર્યો છે.

# બાયડ કોંગ્રેસના ધારાસભ્ય બોલ્યા, ભાજપના લોકો ભ્રષ્ટાચારી, આગેવાનો સાંભળતા રહ્યા

## સર્કીટ હાઉસમાં ધારાસભ્યએ ભાજપ ઉપર ખુલ્લેઆમ ભ્રષ્ટાચારની વાર્તા કરી..!!

હિંમતનગર તા.૧૨ બાયડ કોંગ્રેસના ધારાસભ્ય જશુભાઈ પટેલે ૨ દિવસ અગાઉ બાયડના સર્કીટ હાઉસમાં ભાજપના લોકો ભ્રષ્ટાચારી છે, સૌથી વધુ ભ્રષ્ટાચાર આદરે છે..તેવું નિવેદન કર્યું અને ભાજપના કેટલાક આગેવાનો સાંભળતા રહ્યા. આ વિગતો બહાર આવતાં હલચલ મચી ગઈ છે.

બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપ અને કોંગ્રેસના આગેવાના કાર્યકરો એકબીજા ઉપર ગંભીર આરોપ મૂકવામાં કશી કચાસ બાકી રાખી નથી. પૂર્વ ધારાસભ્યએ બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ચાલતા કેટલાક કામમાં કોંગ્રેસના ધારાસભ્ય અને ભાજપના આગેવાનોની ભાગીદારી હોવાનો સનસનીખેજ આક્ષેપ અને મુખ્ય મંત્રીને લેખિત ફરિયાદ પછી સનસનાટી મચી ગઈ હતી. આ બાબતમાં કેટલું તથ્ય છે તે અંદરખાને જોડાણ કરનારા જાણે પરંતુ હવે કહેવાય છે કે કોંગ્રેસના ધારાસભ્યએ ભાજપના આગેવાનોને એક પછી એક અનૌપચારીક મુલાકાત કરી ભ્રષ્ટાચારના ચાબુક મારવાની શરૂઆત કરી છે. તાજેતરમાં બાયડ કોંગ્રેસના ધારાસભ્ય સર્કીટ હાઉસમાં આવ્યા જ્યાં તેઓએ ભાજપના કેટલાક આગેવાનો સાથે પારિવારીક વાતો કરી ભ્રષ્ટાચારનો મમરો મૂક્યો અને જણાવ્યું કે ભાજપના લોકો વધુ ભ્રષ્ટાચારી છે. કેટલાક આગેવાનોએ હા માં હા મિલાવી અને તેમાં અગાઉની તાલુકા પંચાયતમાં વિકાસના કામોમાં થયેલી બાબતોની પણ ચર્ચા કર્યાનું ગપસપમાંથી સામે આવ્યું છે. બાયડ કોંગ્રેસના ધારાસભ્ય જે રીતે ભાજપના આગેવાનોને તેમના હોમ ટાઉનમાં જ સર્કીટ હાઉસમાં બેસાડીને ભ્રષ્ટાચારીનું લેબલ આપી ગયા અને સાંભળી રહ્યા તે બાબત ભાજપ વર્તુળમાં ટોક ઓફ ધ ટાઉન બની છે.

# સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મેઘરાજાના રીસામણાથી ચિંતા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં શ્રાવણ મહિનામાં મેઘરાજા રીસાતાં સર્વત્ર ચિંતા પ્રસરી છે. અઢી લાખ ખેડૂતો અને તેમના પરિવારની ઉંઘ હરામ થઈ ગઈ છે. આગામી ૨-૪ દિવસમાં વરસાદ નહીં વરસે તો ખેતી નિષ્ફળ જવાનો ભય સતાવી રહ્યો છે. ચોમાસુ જેમ આગળ વધે છે તેમ ખેડૂતોની ચિંતા વધી રહી છે.

ચોમાસા દરમ્યાન ધોધમાર વરસાદ, તળાવ, ચેકડેમ, જળાશયો છલકાશે, નદીઓ બે કાંઠે વહેતી થશે તેવા અનેક સ્વપ્ન પશુપાલકો અને ખેડૂતોની નજર સમક્ષ હતા પરંતુ વરસાદે જિલ્લાની પ્રજાની અગ્નિ પરીક્ષા શરૂ કરી છે. કુદરતે તેમાં સાથ આપતાં આગામી ૨૦ ઓગષ્ટ સુધી વરસાદની કોઈ સીસ્ટમ સક્રીય ન હોવાનું હવામાન વિભાગ જણાવી રહ્યા છે. આમ તો દર વર્ષે શ્રાવણ મહિનામાં ધોધમાર નહીં તો ઝરમરીયો વરસાદ વરસતો હોય છે અને શિવભક્તો તેને ભગવાન શિવજીની કૃપા સમજતા હોય છે. પરંતુ આ વર્ષે દિવાસાથી માંડી અત્યાર સુધીના તમામ દિવસો કોરા ધાક્કોર રહ્યા છે. બાયડ, પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા, માલપુર, મેઘરજ, મોડાસા, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર અને વડાલી તાલુકામાં ખરીફ વાવેતર કરનારા ખેડૂતો વરસાદની ખેંચના કારણે લમણે હાથ મૂકી કિસ્મત ઉપર રડી રહ્યા છે.

# સાબરકાંઠાની આત્મનિર્ભર નારી શક્તિ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો

## ગ્રામિણ આજીવિકા મિશનથી મહિલાઓ આર્થિક રીતે સમૃધ્ધ બની

બાયડ તા.૧૨ સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના નલીનકાન્ત ગાંધી ટાઉન હોલ ખાતે જિલ્લા અગ્રણી



અને પ્રદેશ ઉપાધ્યક્ષ કું.કૌશલ્યાકુંવરબાની ઉપસ્થિતિમાં જિલ્લાની આત્મનિર્ભર નારી શક્તિ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાસંગિક ઉદબોધન કરતા ઉપાધ્યક્ષ શ્રીએ જણાવ્યું હતું કે, કોરોનાકાળની વિષમ પરિસ્થિતિમાં મહિલાઓની જવાબદારી વિશેષ બની ગઈ હતી પરીવારજનોના આરોગ્યની સુખાકારી સાચવવાની સાથે પરીવારના ગુજરાન માટે આર્થિક ઉપાર્જનની પ્રવતિ કાયમ રાખવી આવા સમયે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર પેકેજ જાહેર કરી તેમની મુશ્કેલીનું નિવારણ લાવ્યા. મહિલાઓ નાની-નાની બચત કરીને સંકટના સમયે પરીવારને ઉપયોગી બને છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સાબરકાંઠા જિલ્લામાં કોરોનાકાળના એક વર્ષ દરમિયાન રૂ. ૭૨ લાખથી વધુની સહાય સખી મંડળની બહેનોને પુરી પાડવામાં આવી છે. ગ્રામિણ આજીવિકા મિશનથી વિવિધ મહિલાલક્ષી કામગીરી કરતા બહેનો આર્થિક રીતે સમૃધ્ધ બની છે. કાર્યક્રમ દરમિયાન સખી મંડળની બહેનો અને મહાનુભાવોએ દિલ્હીથી પ્રસારીત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું પ્રેરક ઉદબોધન સાંભળ્યું હતું. આ ઉપરાંત સ્વસહાય જૂથની બહેનો ચેક વિતરણ કરાયું હતું મહિલા બાળ વિકાસ ચેરમેનશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી ડામોર સહિત સખીમંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

# જિલ્લામાં ૪૯ કેન્દ્રો પર ૫૫૩૮ વિદ્યાર્થીઓએ જવાહર નવોદયની પરીક્ષા આપી

## દરેક વર્ગખંડમાં ૧૨ જેટલા વિદ્યાર્થીઓને કોરોના ગાઇડલાઇન મુજબ બેસાડવામાં આવ્યા હતા

બનાસકાંઠા જિલ્લામાં બુધવારે જવાહર નવોદય વિધાલયની પરીક્ષા યોજાઇ હતી.જેમાં ૨૯ કેન્દ્રો ઉપર ૭૧૬૩ જેટલા રજીસ્ટર વિદ્યાર્થીઓ માંથી ૫૫૩૮ જેટલા બાળકોએ પરીક્ષા આપી હતી.

બનાસકાંઠા જિલ્લામાં બુધવારે જવાહર નવોદય વિદ્યાલયની ૪૯ કેન્દ્રો પર ૭૧૬૩ વિદ્યાર્થી પરીક્ષા આપવા માટે નોંધણી કરાવી હતી. જ્યાં ૫૫૩૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે ૧૬૨૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ધોરણ-૬ થી ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓને આ પરીક્ષા પાસ કરશે તેને સરકાર તરફથી રહેવા-જમવાની તમામ સુવિધા વિનામૂલ્યે આપવામાં આવશે. જેમાં ૩૦ ટકા અર્બન, ૭૦ ટકા ગ્રામ્ય જેવા પ્રભાવશાળી વિદ્યાર્થીઓને બનાસકાંઠામાં ૮૦ જેટલા વિધાર્થીઓ ની ભરતી કરવામાં આવશે.જ્યા તમામ વર્ગખંડમાં ૧૨ જેટલા વિદ્યાર્થીઓને કોરોના ગાઈડલાઈન મુજબ બેસાડવા માં આવ્યા હતા.

# ઈનર વ્હિલ કલબ ઓફ પાલનપુર દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી

## ઇનરવ્હિલ કલબ પાલનપુર દ્વારા સ્તનપાન સ્પર્ધા યોજાઇ

ઓગસ્ટ મહિનાનું પ્રથમ સપ્તાહ વિશ્વ ભરમાં વિશ્વ સ્તનપાન સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે ઈનર વ્હિલ કલબ પાલનપુર દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સ્તનપાન નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈનર વ્હિલ કલબ ઓફ પાલનપુરના પ્રમુખ મીનુબેન મહેશ્વરીના નેતૃત્વ હેઠળ યોજવામાં આવેલ આ સ્પર્ધામાં સમાજના વિવિધ સ્તરમાંથી આવેલ ૨૦ બહેનોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં જજ તરીકે પાલનપુરના સિનિયર ગાયનેકોલોજીસ્ટ ડોકટર મગનભાઈ યુ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ કલબના સભ્યો અને ભાગ લેનાર બહેનોને સ્તનપાન વિશે વિસ્તૃત વૈજ્ઞાનિક માહિતી આપી હતી. આ સ્પર્ધામાં વિજેતા બનેલ પ્રથમ ત્રણ લોકોને ઈનામ અને બાકીની સ્પર્ધક બહેનોને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા. અંતમાં સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોને ગેમ રમાડી મનોરંજન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ બહુ સારી રીતે સફળ થયો હતો.



### પાલનપુરમાં બેંક આગળ વાહનની તોડફોડ

પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામના અનીશભાઈ અહેમદભાઈ મીરએ પાલનપુર આઈ. ડી. એફ. સી. બેંકમાંથી લોન લઈ ટુ-વ્હીલર જીજે. ૦૮. સીડી. ૦૭૭૭ ખરીદ્યું હતુ. જોકે, લોનના દસ હપ્તા ન ભરતાં બેંક દ્વારા વાહન સીઝ કરવાની કાર્યવાહી થઈ હતી. જેમાં કર્મચારી દાંતીવાડા વડાવાસના વનરાજસિંહ દલપતસિંહ વાઘેલા, મહેસાણાની એજન્સીના પી. આર. ચૌધરી, પાલનપુર તાલુકાના કાણોદરના આરીફઅલી મહેમદભાઈ સેલીયા જમજમ સોસાયટીમાં જઈ ટુ-વ્હિલર સીઝ કરી બેંકમાં લઈ આવ્યા હતા.

# પાલનપુર ખાતે કોલેજોના ખાનગીકરણ સામે વિરોધ પ્રદર્શન

પાલનપુર ખાતે ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોના અધ્યાપકો દ્વારા કોલેજોના ખાનગીકરણ મુદ્દે વિરોધ પ્રદર્શન કરાયું હતું.

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોને ખાનગી યુનિવર્સિટીમાં સમાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.



સરકારની આ કાર્યવાહી તાત્કાલિક અસરથી રદ કરવા અને ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોનું ખાનગીકરણ બંધ કરવા છેલ્લા ઘણાં સમયથી સમગ્ર ગુજરાતમાં અધ્યાપક મંડળ દ્વારા વિવિધ રજુઆતો તથા કાર્યક્રમો કરવામાં આવી રહ્યાં છે.

જેના ભાગ રૂપે આજરોજ બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત જી. ડી. મોદી વિદ્યાસંકુલ, પાલનપુરના ગ્રાન્ટ-ઈન-એઈડ સાયન્સ, આર્ટ્સ, કોમર્સ કોલેજના તમામ અધ્યાપકો દ્વારા કોલેજ કેમ્પસમાં મોટી સંખ્યામાં એકત્રિત થઈ કાળી પટ્ટી ધારણ કરી સુત્રોચ્ચાર દ્વારા વિરોધ દર્શાવવામાં આવેલ હતો અને તત્કાલિક આ ખાનગીકરણ બંધ કરવા સરકારને રજુઆત કરવામાં આવી હતી.

# પાલનપુરના હરિપુરા પાસેથી ચોરીના બાઈક સાથે આરોપી ઝડપાયો

પાલનપુર શહેર પુર્વ પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન ખાનગી બાતમીના આધારે પાલનપુરના હરીપુરા ત્રણ રસ્તા ખાતે વાહન ચેકિંગ દરમ્યાન ચોરીના બાઈક સાથે એક યુવકને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેર પૂર્વ પોલીસ દ્વારા પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૫૦ ૩૪૨૧૦૬૬૪/ ૨૦૨૧ ઈ.પી.કો.૩૭૯ મુજબના ગુનામાં ચોરીમાં ગયેલ મોટરસાઈકલ સાથે આરોપી સુરેશ ઉર્ફે ઈરફાન શંકરલાલ જાતે.રેગર ઉ.વ.૨૫ ધંધો.ભીક્ષાવૃત્તિ રહે. બલાડા રેગર મોહલ્લો તા. જૈતાસણ જી.પાલી થાના.કાળું (રાજસ્થાન)ને એક હોન્ડા સાઈન મોડલનું મો.સા રજી.નં.પ્લ-૦૮-ઊ- ૩૮૮૩ જેની કિ.રૂ.૨૦,૦૦૦/ની સાથે ઝડપી લીધો હતો. આ કામગીરીમાં પાલનપુર શહેર પુર્વ પી.એસ.આઈ જે.બી. ચૌધરી તથા અ.હેડ. કોન્સ રણજીતસિંહ, જયદિંપસિહ તથા અ.પો.કો પ્રકાશભાઈ, સંકેતકુમાર, ગૌરવભાઈ, હર્ષદભાઈ, દિનેશભાઈ વિગેરે પોલીસ સ્ટાફના માણસો હાજર રહ્યા હતા.